# આગીયા ગામે હાઈ-વે પર સ્પીડ બ્રેકર મુકવા રસ્તા રોકો આંદોલન

## સ્પીડ બ્રેકરની માંગણી ન સંતોષાતા ગ્રામજનોએ માર્ગ ઉપર થાંભલા સહિતની આડાશો મુકી ચક્કાજામ કર્યો હતો



ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામમાં હાઈ-વે પર થતા અકસ્માતને અટકાવવા હાઈ-વે પર સ્પીડ બ્રેકર મુકવાની માંગણી ન સંતોષાતા બુધવારે ગામના રહિશોએ રસ્તા રોકો આંદોલન દ્વારા ચક્કાજામ કરી દેતા વાહન વ્યવહાર અટકી જતા મુસાફરોને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આંદોલનના કારણે પોલીસ સહીત જવાબદાર અધિકારીઓ બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને સ્પીડ બ્રેકરની તાંત્રીક મંજુરી લઈ મુકવાની ખાત્રી આપવામાં આવતા ગામ લોકોએ આંદોલન સંમેટી લેતા તંત્રે રાહતનો દમ લીધો હતો.

આગીયા ગામના રહીશો યોગેન્દ્રસિંહ પરમાર, મહેન્દ્રસિંહ ખટાણા, વિક્રમસિંહ ચૌહાણ તથા જીતેન્દ્રસિંહ વાઘેલા સહિતના રહિશોના જણાવ્યા અનુસાર આગીયા ગામ સ્ટેટ હાઈ-વે નં. ૯ ની પૂર્વ-પશ્ચિમ બાજુ વસેલુ છે. મોટાભાગના રહીશો પૂર્વ વિસ્તારમાં રહે છે. જ્યારે પ્રાથમિક શાળા ગ્રામ પંચાયત, એ.ટી.એમ., આરોગ્ય કેન્દ્ર તથા મુખ્ય મંદિરો પશ્ચિમ વિસ્તારમાં આવેલ છે. નાના-બાળકોને વારંવાર રોડ ક્રોસ કરવો પડે છે. પરિણામે વારંવાર અકસ્માત સર્જાય છે. જેને અટકાવવા માટે સ્પીડ બ્રેકર મુકવાની માંગ ગ્રામજનોએ કરી હતી, પરંતુ ગ્રામજનોની આ માંગ પુરી ન થતા આજે આખુ ગામ રસ્તા પર ઉતરી આવ્યુ હતુ અને માર્ગ પર આડાશ મુકી માર્ગ બંધ કરી દીધો હતો. પરિણામે ચક્કાજામની સ્થિતિ સર્જાતા પોલીસ સ્ટાફ નાયબ કાર્યપાલક ઈજનેર ડી.એન. પટેલ તથા દિલીપભાઈ ચૌધરીએ ગામ લોકોની રજૂઆત સંદર્ભે ઉચ્ચકક્ષાએ મંજુરી માંગવામાં આવી છે. જે મંજૂરી મળી જતા ટુંક સમય મા જ સ્પીડ બ્રેકર મુકવામાં આવશે. જેથી ગામ લોકોએ રસ્તા રોકો આંદોલન સમેટી લીધુ હતુ.

## સીતવાડા પાસે ગાંધીનગર ફલાઈંગ સ્કોર્ડ ત્રાટકી : ત્રણ ટ્રેક્ટર સાથે બે ખનીજ ચોરોની અટકાયત

પ્રાંતિજ, તા. ૮

પ્રાંતિજ તાલુકાના સીતવાડા પાસે સાબરમતી નદીમાંથી વગર પાસ પરમીટે ખનીજ ચોરી કરતા ત્રણ ટ્રેક્ટરો સાથે બે ચાલકોને ગાંધીનગરની ફલાઈંગ સ્કોર્ડે ઝડપી પાડ્યા હતા. જ્યારે એક ચાલક સ્થળ પરથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

સાબરમતી નદીમાં દરરોજ ખનીજ માફીયાઓ બેફામ બની વગર પાસ પરમીટે રેતી ભરી ખનીજ ચોરી કરી રહ્યા છે. આજે આ ખનીજ માફીયાઓ પર તવાઈ બોલાવી ગાંધીનગર ફલાઈંગ સ્કોર્ડે અચાનક રેડ પાડી હતી સ્કોર્ડે રેડ દરમિયાન બે સરાજ કંપનીના નવા નંબર વગરના તથા એક મહેન્દ્રા કંપનીનું જીજે-૯-એએફ-૯૩૭૬ કુલ ત્રણ ટ્રેક્ટર સાથે બે ચાલકોને પણ ઝડપી પાડ્યા હતા. સ્કોર્ડે બન્ને ચાલકો વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાંતિજ આસપાસ વિસ્તારમાં ખનીજ ચોરી થતી હોવા છતાં માત્ર ત્રણ ચાર ટ્રેક્ટરો પકડી અધિકારીઓ સંતોષ માની રહ્યા છે. પરંતુ રોજીંદા ૧૦૦ થી પણ વધારે ટ્રેક્ટર ખનીજ ચોરી કરી રહ્યા છે. જ્યારે અધિકારીઓની મીલી ભગતથી ખાલી કાગળો ઉપર બતાવવા માટે આવા એકલ દોકલ કેસ બનાવી સમગ્ર મામલા પર પડદો ઢાકવામાં આવી રહ્યો છે.



(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

ખેડબ્રહ્મા નજીકના લક્ષ્મીપુરા ગામે શરદપૂર્ણિમા નિમિત્તે લક્ષ્મીપુરા પ્રાથમિક શાળા ખાતે યુવક મંડળ વિશ્વકર્મા ચોકમાં વિશ્વકર્મા યુવકમંડળ અને અર્બુદા સેવા સમાજ વાડીમાં અર્બુદા નવરાત્રી મંડળ દ્વારા રાસ-ગરબા સાથે શરદપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ધર્મ-સંસ્કૃતિને ઉજાગર કરતા ગરબાઓ દ્વારા સૌ ખેલૈયાઓ સંગીતના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી અને અંતે દૂધપૌઆની લિજ્જત માણી હતી.

## પર્યાવરણ બચાવો અભિયાન માટે ભારત યાત્રાએ નીકળેલ યુવાન પ્રાંતિજ પહોંચતા ભવ્ય સ્વાગત

પ્રાંતિજ, તા.૮

પર્યાવરણ બચાવોના સંદેશ સાથે ભારતની યાત્રાએ નિકળેલ યુવાનનું પ્રાંતિજના નાની ભાગોળમાં પર્યાવરણ પ્રેમીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પર્યાવરણ પ્રેમીઓએ હાજર રહી વિકલાંગ યુવાનના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

સુરત શહેરનો ૩૫ વર્ષીય યુવાન ભાવેશ પીપલીયા બંને પગે અપંગ હોવા છતા દેશ માટે કોઈના કોઈ રીતે ઉપયોગી થવાના હેતુથી પર્યાવરણ બચાવો અભિયાન અંતર્ગત ગત ૧૫મી ઓગષ્ટ ૨૦૧૪ના રોજ ભારત યાત્રાએ નિકળ્યો છે. એ.વી.બી.પી. પ્રેરીત આ યાત્રા દરમિયાન આજે યુવાન ૩૦૦૦ કિમીનું અંતર કાપી પ્રાંતિજ ખાતે આવ્યો હતો જ્યાં ભાજપના મહામંત્રી વિજયભાઈ પટેલ, વ્રજેશભાઈ ભાવસાર, મિતેષભાઈ પટેલ વગેરે દ્વારા ફુલહારથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા સમાજ સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર નર્સિંગ સ્કુલ(એ.એન.એમ.)માં તા.૭/૮/૨૦૧૪ ને મંગળવારના રોજ શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો.આ પ્રસંગે બીજા વર્ષની તાલિમાર્થી બહેનો ધ્વારા પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તાલિમાર્થીઓનું કુંમ-કુંમ તિલક કરી ગોળ-ધાણા ખવડાવી,પુષ્પગુચ્છ આપીને પ્રથમ વર્ષમાં પ્રવેશ અપાયો હતો.આ પ્રસંગે સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ તેમજ અક્ષર નર્સિંગ સ્કુલનો સમગ્ર સ્ટાફ હાજર રહી નવા આવેલા તાલિમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નર્સિંગના પ્રિન્સિપાલ મેમણ મોલીનાબેને જહેમત ઉઠાવી હતી.

## ભિલોડામાં એક ઈસમે અગમ્ય કારણોસર કપાસમાં છાંટવાની દવા ગટગટાવી દેતાં ચકચાર

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં એક ઈસમે અગમ્ય કારણોસર કપાસમાં છાંટવાની દવા ગટગટાવી દેતાં ચકચાર મચી જવા પામી છે.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ ભિલોડાના રહેવાસી. હબીબભાઈ ઉસ્માનભાઈ મનસુરી ઉંમર. વર્ષ-૫૦ છે. કપાસમાં છાંટવાની ઝેરી દવા અગમ્ય કારણોસર ગટગટાવી દેતાં મૈત્રી હોસ્પિટલ, જયેશભાઈ ગામેતીના દવાખાનામાં સારવાર અર્થે ખસેડાયા હતા. ભિલોડા પોલીસ ધ્વારા ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

## રાવલ સમાજના પૂર્વ પ્રમુખ ચંદુભાઈનું અવસાન

રાવલ સમાજના અગ્રણી અને પૂર્વ પ્રમુખ ચંદુભાઈ રામાભાઈ રાવલનું મુંબઈ ખાતે નિધન થતા સ્વ.નું બેસણું આજ તા. ૯મી ઓક્ટોબર-૨૦૧૪ને ગુરૂવારના રોજ ૧૧ થી ૩ તેમના નિવાસસ્થાન શાહપુરવડ, તાલુકો વડનગર ખાતે રાખવામાં આવ્યું છે.

# ડીસામાં શરદપૂર્ણીમાં નિમિત્તે હવન યોજાયો



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા.૮

આસો માસ દરમ્યાન આસો સુદ એકમ થી નવમ સુધી માં જગદંબાના નવલા નોરતા દરમ્યાન માં ના ભક્તો માંની પૂજા અર્ચના કરે છે. તેમજ આસો સુદ પુનમ પણ એક ધાર્મિક તહેવાર ગણવામાં આવે છે. જેને શરદપૂર્ણીમાં કહેવામાં આવે છે. દરેક ભક્તો શરદપૂર્ણીમાંના દીવસે અલગ અલગ રીતે માં જગદંબાની પૂજા અર્ચના કરતા હોય છે. તેમજ રાત્રી દરમ્યાન દુધ પૌઆનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવતા હોય છે. દરેક પ્રજાજનોમાં શરદ પૂર્ણીમાંને લઈને એક અનેરો આનંદ જોવા મળે છે.

ડીસા શહેરના કચ્છી કોલોની વિસ્તારમાં આવેલ નાકોડાજી સોસાયટીમાં શંકર ભગવાનના મંદીરે શરદપૂર્ણીમાં નિમિત્તે દર સાલ માં અંબાનો હનવ કરવામાં આવે છે. તેથી દર સાલની જેમ આ સાલ પણ શરદપૂર્ણીમાં ના રોજ એક સુંદર હવનનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ હવનમાં દિનેશભાઈ બાપજી ના સાનિધ્યમાં યજ્ઞમાં આહુતીઓ અપાઈ હતી. જેમાં ભરતભાઈ ઠક્કર, કાન્તિભાઈ પ્રજાપતિ, જયાબેન ઠક્કર, તથા સર્વે ભાવિકોએ હવનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવિ હતી.




(તસવીર : બાબુભાઈ પટેલ)

## વડાગામમાં ૬૬ કેવી સબસ્ટેશનનો પ્રારંભ

ધનસુરા નજીકના વડાગામ ખાતે જીઈબી દ્વારા ૬૬ કેવી સબ સ્ટેશનની શરૂઆત કરવામાં આવતા ગ્રામજનો આનંદીત થઈ ઉઠ્યા છે. વડાગામ નજીક ધનસુરા અમદાવાદ સ્ટેટ હાઈવે પર સ્થિત સોનાપર ગામે જેટકો કંપની દ્વારા ઓમ પાવર કંપનીને આ સબસ્ટેશનનો કોન્ટ્રાક્ટ આપવામાં ।વ્યો હતો જે કંપની દ્વારા નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું. પરિણામે ધનસુરાથી ૨૨૦ કેવી પાવર સપ્લાય વડાગામમાં કરવામાં આવે છે. વડાગામમાં છાયા ફીડર ઈન્ડસ્ટ્રીયલ ૧૧ કે.વી અને શક્તિ ઈન્ડસ્ટ્રીયલ-૧૧ કેવી શરૂ થઈ ગયા છે. જ્યારે કનૈયા ફીડર ટુંક જ સમયમાં શરૂ કરવામાં આવશે. ફીડરના ઉપયોગ વડે ક્વોરી ઉદ્યોગને પાવર સપ્લાયમાં મોટા ફાયદો થશે. વડાગામમાં સબ સ્ટેશન શરૂ કરવામાં આવતા સમગ્ર ગામમાં આનંદની લાગણી જોવા મળી છે.

## મતદારયાદીમાં નામ દાખલ કરવા ખાસ ઝુંબેશ

પાલનપુર, તા.૮

ભારતના ચૂંટણી પંચ દ્વારા ૧-૧-૨૦૧૫ની લાયકાતની તારીખે ૧૮ વર્ષ પુરા કર્યા હોય તેવા ભારતના નાગરિકોના નામ મતદારયાદીમાં દાખલ કરવા, મતદારયાદીમાં નોંધાયેલ નામમાં સુધારો કરવા, મતદારયાદીમાં નોંધાયેલ નામ સામે વાંધો લેવા/રદ કરવા માટે ખાસ ઝુંબેશ તા. ૧૫-૧૦-૨૦૧૪ થી તા. ૧૦-૧૧-૨૦૧૪ સુધી યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ સમય દરમિયાન સંબંધીત ભાગના બુથ લેવલ ઓફીસર દ્વારા મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરીએ, સંબંધીત મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરીએ તથા કલેકટર કચેરી બનાસકાંઠા મતદાતા સુવિધા કેન્દ્ર ખાતે નમુના નં.૬, ૭, ૮, ૮-કની અરજીઓ સ્વીકારવામાં આવશે.

આ ઉપરાંત તા. ૧૯-૧૦-૨૦૧૪ તથા તા. ૨-૧૧-૨૦૧૪ (બંને રવિવાર)ના દિવસોએ નિયોજીત સ્થળોએ (સંબંધીત મતદાન મથકોએ) સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી પદનામિત અધિકારીશ્રીઓ દ્વારા હકક દાવા વાંધા સ્વીકારવાની વ્યવસ્થા સંબંધીત મતદાર નોંધણી અધિકારીશ્રી દ્વારા ગોઠવવામાં આવી છે જેની બનાસકાંઠા જિલ્લાની જાહેર જનતાએ નોંધ લેવા જણાવાયું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦